જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૪/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૦૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૮૮	૭	૧૧૩૯૫	૧૭૫૦૮	૭	૧૭૫૧૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૬	૦	૪૭૦૬	૬૨૩૪	૦	૬૨૩૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૫૬૩૧	૪૧૭	૩૬૦૮૮	૩૬૯૧૯	૩૮૯	૩૭૩૦૮
કુલ		૫૧૮૪૨	૪૨૪	૫૨૨૬૬	૬૦૯૪૮	૩૯૬	૬૧૩૪૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩૧	૬,૪૬,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩૩૯	૨૩,૩૯,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન

બે આરોપીઓને ચોરીની ઓટો રીક્ષા સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો રીક્ષા ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૬/૦૪/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે અહેબાબનગર ત્રણ રસ્તા પાસેથી અ.હે.કો પ્રભાતસિહ દેવુભા તથા અ.પો.કો માનસંગભાઇ ગફલભાઇ નાઓની સયુક્ત બાતમીથી આરોપીઓ (૦૧) સમીર ઉર્ફે લખન મુસ્તાકભાઇ દિવાન ઉ.વ ૧૯ રહે,લકી સર્વિસ સ્ટેશનની પાછળ સુર્યનગર પો.ચોકીની સામે સોનીનુ ખેતર ઇસનપુર અમદાવાદ શહેર તથા (૦૨) સમીર ઉર્ફે બાજી ઐયુબભાઇ અન્સારી ઉ.વ ૧૯ રહે,ગેટ નં-૨ સોનીનુ ખેતર સુફીનગર ઇસનપુર અમદાવાદ શહેરનાઓને ચોરીમા ગયેલ ઓટો રીક્ષા નંબર.-GJ-01-BX-980 એન્જીન નં-06096 તથા ચેસીસ નં-04588 કિંમત રૂપિયા-૩૦,૦૦૦/-સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૦૯૨૭/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૧૯/૦૪/૨૦૨૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૦૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૭ લીટર દેશી દારૂ અને ૮ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૫૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૭૦૬/૨૦૨૧**

નારણપુરાઃ ધર્મેન્દ્રભાઇ કાનજીભાઇ પટેલ (રહે. કલાકુંજ સોસાયટી નીલકંઠ મહાદેવ રોડ ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૮/૪/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા સ્વામિનારાયણ મ્યુઝીમની બાજુમા આવેલ શ્રી સહજાનંદ પ્રસાદમ નામની પોતાની દુકાનના શટરના તાળા ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૦૭/૨૦૨૧**

સાબરમતીઃ નિરાલીબહેન વા/ઓ કૌતુકભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. સહજ સેંચ્યુરી વન્દે માતરમ હોમ્સની બાજુમાં ચેનપુર રોડ રાણીપ) સાસરીમાં પતિ સાથે મનમેળ ન હોવાથી પોતાના પિતાના ઘરે રહેતા હતા. જ્યાં તા.૧૮/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના પિતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આર.આર.રાઠોડ ચલાવે છે.

વેજલપુરઃ ફિરદોશબાનુ વા/ઓ સમીરભાઈ અન્સારી (ઉ.વ.૨૨) (રહે. ન્યુ સહારા ફલેટ રોયલ અકબર ટાવર પાછળ જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૧૮/૦૪/૨૦૨૧ કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “એમ” ડિવિઝન ચલાવે છે.

નરોડાઃ મયુરભાઇ ભલાભાઇ પંચાલ (ઉ.વ.૨૪) (રહે. ગ્રેજ્યુટ પીકર્સની ચાલી હરીઓમ ડેરી પાછળ નરોડા જી.આઇ.ડી.સી.) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૪/૨૦૨૧ બપોરના ૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદસિહ ભીમસિહ ચલાવે છે.

ઓઢવઃ ભુપેન્દ્રભાઇ શંકરભાઇ તીરગર (ઉ.વ.૪૦) (રહે.તીરગરવાસ લાલબાઇ મંદીર સામે સીંગરવા ગામ ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૧૬/૦૪/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૪/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાંતિલાલ જીવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી